
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


૧. ઉપદેશક પદ ... ( આ. શ્રી કસ્તૂરવિજયજી મહારાજ ) ... ૨૫૭
૨. સમ્યગ્ જ્ઞાનની કુંચી ( શ્રી ચંપતરાયજી જૈની ) ... ૨૫૬
૩. ક્ષણિક વસ્તુઓમાં આસક્ત થઇને અનંતુ જીવન ક્ષણિક ન બનાવો. ... ( આ. શ્રી કસ્તૂરવિજયજી મહારાજ ) ... ૨૬૨
૪. માન કષાય ... ... ( ગાંધી ) ... ... ૨૬૫
૫. સાચી લોકસેવા ... ...( અનુ. અભ્યાસી ) ... ... ૨૬૯
૬. મોહ–મમતા શેમાં રહેલી છે ? ( V. ) ... ... ૨૭૧
૭. સોનેરી સુવાક્યો.... ( સં.–સ૦ કર્પૂરવિજયજી મહારાજ ) ... ૨૭૨
૮. પરનિંદા સમું કોઇ પાપ નથી એમ સમજી તે મહાપાપ–સ્થાનકથી ઓસરવું. ... ... ( સ. ક. વિ. ) ... ૨૭૫
૯. ધર્મસ્થિરતા–ગુણમાં કરવો જોઇતો દૃઢ પ્રયત્ન ( સ. ક. વિ. )... ૨૭૭
૧૦. વર્તમાન સમાચાર ... ... ... ... ... ૨૭૮
૧૧. સ્વીકાર અને સમાલોચના ... ... ... ... ૨૮૦



## શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટનું પુસ્તક.

" મહામેઘવાહન જૈન રાજા ખારવેલ " નામનો પ્રાચીન ઐતિહાસિક ગ્રંથ સુપ્રસિદ્ધ લેખક રા. સુશીલના હાથે તૈયાર થાય છે, છપાય છે. તૈયાર થયા પછી ચાલતા ધોરણ મુજબ બે વર્ષના લવાજમનું વી. પી. કરી અમારા માનવંતા ગ્રાહકોને ભેટ મોકલવામાં આવશે જે સ્વીકારી લેવા અમારી નમ્ર સૂચના છે.

## અમારા માનવંતા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ભેટ.

નીચેના ત્રણ ગ્રંથો તૈયાર થાય છે. તૈયાર થયે ચાલતા ધોરણ પ્રમાણે મોકલવામાં આવશે.

૧ શ્રી મહાવીર જીવનચરિત્ર ( સચિત્ર ) છસેંહ પાનાનો દલદાર ગ્રંથ રૂા. ૩-૦ ૦

૨ શ્રી આત્મકાન્તિ પ્રકાશ—પૂજ્ય પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજનાં ભક્તિ-રસભર્યાં વિવિધ સ્તવનો ( જેમાં મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજ તથા ઉત્તમ ભોજકની કૃતિઓનો સમાવેશ છે. વેચાણ માટે સીલીકે નથી )

૩ " મહામેઘવાહન જૈન રાજા ખારવેલ " પ્રાચીન ઐતિહાસિક જાણવા જેવી હકીકતપૂર્વક ગ્રંથ. રૂા. ૧-૦-૦

જલદી મંગાવો. ઘણી થોડી નકલો છે. જલદી મંગાવો

## શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

( શ્રી દેવેન્દ્રસૂરિકૃત ટીકાવાળું )

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧–૮–૦ પો. જુદું.

બીજા પર્વથી છપાય છે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ॥ १ ॥

" કર્મરૂપ કષ્ટથી વ્યાપ્ત એવા આ જન્મમાં એવો ( શુભ )
પ્રયત્ન કરવો કે જેના પરિણામે કર્મરૂપ કષ્ટ ( સદંતર )
વિનાશ પામે,–આ ( માનવજન્મનું ) રહસ્ય છે. "

શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક–તત્ત્વાર્થ ભાષ્ય.

पुस्तक ३५] वीर सं. २४६४. ज्येष्ट. आत्म सं. ४३. आ० श० वर्ष २ जुं [अंक ११मो.

## કવ્વાલી.

લે૦ આચાર્ય શ્રી કસ્તૂરવિજયજી મહારાજ.

ધંધો ન કીધો ધર્મનો, લક્ષ્મીતણા લોભે કરી,
નીતિ તજી લાખાપતિ, તું થઇ ગયો તો શું થયું ? ૧

ઉત્તમ અતિશય વિશ્વમાં, નર દેહમાં તું અવતરી,
દુષ્કૃત્ય કીધાં તે ઘણાં, નરભવ મળ્યો તો શું થયું ? ૨

જીવી ન જાણ્યું વિશ્વમાં, જીવોતણી રક્ષા કરી,
શુભ કામમાં ખરચ્યું નહિ, જીવન મળ્યું તો શું થયું ? ૩

લક્ષ્મી અવરની જોઇને, ઝૂરે હમેશાં કેમ તૂં ?
શુભ કર્મ કર મળશે તને, ઝૂરી મર્યો તો શું થયું ? ૪

બહુ જીવવાના લોભથી, મારી હમેશાં જીવને,
માને તું મનમાં નહિ મરું, માની લીધું તો શું થયું ? ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કટુ વેણ બોલ્યો ક્રોધથી, બોલ્યો ન સાચું તું કદી,
ગાયા ન ગુણ ગુણવાનના, જીહ્વા મળી તો શું થયું ? ૬

શ્રવણે સુવચનો ના પડ્યા, પ્રભુ વીર જિનવરના કદી,
મિથ્યા વચન નિત સાંભળે, શ્રવણો મળ્યા તો શું થયું ? ૭

નયને નિહાળે નેહથી, નાટક સિનેમા સુંદરી,
પરમાત્મ દર્શન નવિ કર્યાં, ચક્ષુ મળ્યાં તો શું થયું ? ૮

મોટાઇ માટે વિશ્વમાં, આડંબરો તેં બહુ કર્યાં
પણ ગુણ વિના મોટાઇના, મોટો થયો તો શું થયું ? ૯

કાંઇ ચે ન કીધું શ્રેષ્ઠ તેં, ઉદ્ધાર દીન દુઃખિયાતણો,
કરવા ન તન ધન વાવર્યું, શ્રેષ્ઠી થયો તો શું થયું ? ૧૦

પ્રભુને કદી નવિ ઓળખ્યા, નવિ ઓળખ્યો નિજ આત્મા,
શાસ્ત્રો ઘણાં વાંચી કરી, વક્તા થયો તો શું થયું ? ૧૧

ડહાપણભરેલી વાતમાં, બહુ તેં કુશળતા મેળવી,
તારું સુધાર્યું તેં નહીં, ડાહ્યો થયો તો શું થયું ? ૧૨

અધ્યાત્મની વાતો કરી, બહુ જીવને તેં ભોળવી,
કુવાસના પોષી ઘણી, ધ્યાની થયો તો શું થયું ? ૧૩

સંસારમાં શું સાર છે, બહુ દુઃખની આ ખાણ છે,
જાણે છતાં છોડે નહીં, જાણ્યું બધું તો શું થયું ? ૧૪

ધન ધામ દારા તેં તજ્યા, સંબંધ સઘળા તેં તજ્યા,
વૃત્તિ વળી નહીં ત્યાગમાં, ત્યાગી થયો તો શું થયું ? ૧૫

લાખો કરોડો દાનમાં, ખરચી બન્યો દાનેસરી,
દીધું અભય નવિ દાન તે, દાની થયો તો શું થયું ? ૧૬

નિજ ભોગને નવિ ઓળખ્યા, પુદ્ગલ અનંતા ભોગવ્યાં ?
પરરૂપને તૂં ભોગવી, ભોગી થયો તો શું થયું ? ૧૭

દાનવતણા કૃત્યો કરે, પરપીડ તૂં જાણે નહીં,
કોમળ હૃદય તેં ના કર્યું, માનવ થયો તો શું થયું ? ૧૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

[ ગતાંક પૃષ્ઠ ૨૩૭ થી શરૂ ]

## આત્માના ધર્મવિમુખતાના સંભાવ્ય કારણો અને આત્માનું અધઃપતન.

જીવનની અધિષ્ઠાન વિષયક કક્ષા ( બાજુ ) અત્યંત દિવ્ય છે. નાસ્તિકવાદને કારણે જ જીવનનાં દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર નથી થઇ શકતો. મનુષ્યનું વાસ્તવિક સ્વરૂપ કેવું દિવ્ય છે તે હડસનકૃત ‘ The divine pedigree of man ’ ( મનુષ્યની વંશપરંપરાનું દિવ્યત્વ )માંથી ઉતારેલા નિમ્ન કોષ્ટક ઉપરથી સુપ્રતીત થઇ શકે છે.

| વિષયાશ્રિત ચિત્ત. | અધિષ્ઠાન ચિત્ત. |
|---|---|
| (નિયુક્ત બુદ્ધિ) અનુમાનશક્તિ | પ્રબોધનથી નિયંત્રિત અંતરજ્ઞાન. આ અંતરજ્ઞાનનું સ્વરૂપ મર્યાદિત હોય છે. |
| અપૂર્ણ પ્રવર્ત્તક બુદ્ધિ. | પ્રવર્ત્તક બુદ્ધિ (સંભાવ્યતાની દૃષ્ટિએ પરિપૂર્ણ). |
| અપૂર્ણ સ્મૃતિ. | સંભાવનાની દૃષ્ટિએ પરિપૂર્ણ સ્મૃતિ-શક્તિ. |
| ભાવ-અનુભવોની સ્મૃતિ. | મનોભાવોનું નિષ્પત્તિ-સ્થાન. |
| | વિચાર-સંક્રમણની શક્તિ. |
| | ગતિનું અનેરું બળ. |

અતીન્દ્રિય દર્શન એ પણ અધિષ્ઠાન ચિત્તની શક્તિ છે એમ કેટલાક વિચારકો માને છે. અતીન્દ્રિય દર્શન એ વિચાર-સંક્રમણનો એક પ્રકાર છે એવી મી. હડસન વિગેરેની સ્પષ્ટ માન્યતા છે. અતીન્દ્રિય દર્શન એ અધિષ્ઠાન ચિત્તની એક શક્તિરૂપ હોય કે નહિ પણ માનવ આત્માનું સ્વરૂપ અત્યંત દિવ્ય છે એમાં કશીયે શંકા નથી.

મી. હડસનનાં એક બીજાં કોષ્ટક ઉપરથી પણ માનવ આત્માનાં દિવ્ય સ્વરૂપ સંબંધી વિશેષ પ્રકાશ પડી શકે છે. એ બીજું કોષ્ટક આ રહ્યું:—

| પરમાત્મા. | મનુષ્ય. |
|---|---|
| સર્વજ્ઞતા. | અંતરજ્ઞાન. |
| સર્વશક્તિમાનતા. | સંભાવ્ય પરિપૂર્ણ અનુમાન શક્તિ. |
| સર્વવ્યાપકતા | સ્મૃતિ-શક્તિ (સંભાવનાની દૃષ્ટિએ પરિપૂર્ણ.) |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| અનંત અને વિશુદ્ધ પ્રેમભાવ. | માનસિક ગતિ–વિશેષતા.<br>વિચાર–સંક્રમણ.<br>પ્રાકૃતિક મનોભાવો. |

માનવ આત્મા એ સર્વ સ્વર્ગીય ગુણોનું નિવાસસ્થાન છે એમ ઉપરનાં કોષ્ટક ઉપરથી સ્પષ્ટ રીતે નિર્દિષ્ટ થઇ શકે છે. માનવ આત્મામાં ગુપ્ત રહેલા ગુણોનો સંપૂર્ણ વિકાસ એ જ જીવનની ખરી ઇષ્ટતા છે. જનતાનો મોટો ભાગ આત્માની દિવ્ય શક્તિઓ અને ગુણોથી પ્રાયઃઅજ્ઞાત હોય છે. આથી શક્તિ અને ગુણોની પરિપૂર્ણતા મનુષ્ય જાતિથી પ્રાયઃઅસાધ્ય થઇ પડે છે. સમજપૂર્વક સતત ઉદ્યોગ વિના મનુષ્યની શક્તિઓ અને ગુણોનો સંપૂર્ણ વિકાસ સર્વથા અશકય છે. શક્તિ અને ગુણનું જ્ઞાન હોય તો જ તેના યથાયોગ્ય વિકાસ માટે અવિરત ઉદ્યોગ થઇ શકે. શક્તિ અને ગુણનાં જ્ઞાન વિના અવિશ્રાન્ત ઉદ્યોગ ન જ થઇ શકે એ દેખીતું છે.

બુદ્ધિ ભૌતિક લાલસાઓમાં મગ્ન રહેવાથી જ, આત્માની અનેરી શક્તિ અને ગુણોના સંબંધમાં મનુષ્ય સામાન્ય રીતે અજ્ઞાત રહે છે. બુદ્ધિની ઇંદ્રિય–લાલસાને કારણે, આત્મા યોગ્ય સંસ્કારોથી વંચિત રહે છે. ઇચ્છાશક્તિની અયોગ્ય પરાધીનતાથી બુદ્ધિ આત્માનાં અધઃપતનમાં સહાયરૂપ નીવડે છે.

હિન્દની પ્રાચીન સંસ્કૃતિમાં આજે કોઇ ગમે તેવા દોષ કાઢતું હોય પણ એ સંસ્કૃતિ જ યથાર્થ હતી એમાં કશીયે શંકા નથી. એ સંસ્કૃતિથી મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિ અજબ રીતે થઇ શકતી હતી. મનુષ્ય ઇહલૌકિક સુખો પણ મેળવી શક્તો હતો. મનુષ્યના આધ્યાત્મિક વિકાસમાં એ સંસ્કૃતિથી કશીએ અંતરાય નડતી નહિ; ઊલટું આધ્યાત્મિક વિકાસ અને આધ્યાત્મિક ઉન્નતિ સાધવામાં એ સંસ્કૃતિ અત્યંત સહાયકારક હતી એમ વિના સંકોચે કહી શકાય. એ સંસ્કૃતિથી વધુમાં વધુ મનુષ્યોનું કલ્યાણ થઇ શકતું, વધારેમાં વધારે માણસોને ઇહલૌકિક સુખ અને શાન્તિ પણ એ સંસ્કૃતિથી નિષ્પન્ન થઇ શકતાં હતાં. આધિદૈવિક મહત્ત્વાકાંક્ષાને અનુરૂપ દુન્યવી સુખ મનુષ્યને પ્રાપ્ત થઇ શકતું હતું. હાલની સંસ્કૃતિ એથી છેક વિભિન્ન છે. એ સંસ્કૃતિ જડવાદપૂર્ણ હોવાથી તેમાં આધ્યાત્મિકતાનો અંશ પણ નથી. જે સંસ્કૃતિ આધ્યાત્મિકતાથી પર હોય તેને સંસ્કૃતિ કહેવી કે ઘોર અસંસ્કૃતિ કહેવી એ પણ એક વિચારણીય પ્રશ્ન થઇ પડે છે.

આધુનિક સંસ્કૃતિથી, માનવ આત્માઓ ઉપર અનેક પ્રકારની અનિષ્ટ અસરો થાય છે. વર્ત્તમાન સંસ્કૃતિનો મનુષ્ય જાતિ ઉપર એવો તો દુષ્ટ પ્રભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડે છે કે, તેથી નિષ્પન્ન થતાં અનેક નાશકારી પરિણામોના સંબંધમાં ક્ષણ પણ ઉપેક્ષા નજ સેવી શકાય. આધુનિક સંસ્કૃતિના દોષો એવા છે કે, તેનું જેટલું નિરૂપણ થાય તેટલું ઓછું છે. આજની સંસ્કૃતિ મનુષ્યને ધર્મ-વિમુખ બનાવે છે. મનુષ્ય સદ્ધર્મના માર્ગથી પરાઙ્મુખ બને છે. આજનું મનુષ્ય જીવન એ અપ્રાકૃતિક છે, તે નૈસર્ગિક નથી. મનુષ્યનો આજનો કહેવાતો જીવનમાર્ગ એ વસ્તુતઃ જીવન--માર્ગ જ નથી.

આજના નાસ્તિકવાદના જમાનામાં અનેક પ્રકારની ફેશનો વધી, મોજ-શોખો વધ્યા, જાતજાતનાં ખાનપાન પણ વધ્યા; પણ તેથી શું? આજે દુનિયામાં સેંકડો પ્રકારની નાસ્તિક અને અધર્મી પ્રવૃત્તિઓ વધી ગઇ છે. તેથી અધ્યાત્મવૃત્તિને બદલે ઇંદ્રિય-લાલસાનું સર્વત્ર પ્રાધાન્ય થયું છે. જીવન-નિર્વાહનાં સાધનો દિનપ્રતિદિન મોંઘેરાં બનતાં જાય છે, ઘણોખરો કાળ જીવન-નિર્વાહની પ્રાપ્તિ નિમિત્તે વ્યતીત કરવા છતાં, લાખો મનુષ્યોને સામાન્ય પ્રતિનો જીવન-નિર્વાહ પણ દુર્ઘટ બન્યો છે. જીવનનિર્વાહમાં ઘણો કાળક્ષેપ થતો હોવાથી, ધર્મ-આચરણ કે ધાર્મિક અભ્યાસ માટે જનતાને પ્રાયઃ સ્વલ્પ સમય જ રહે છે. ઘણાખરા મનુષ્યની વૃત્તિ પણ ધર્મથી પરાઙ્મુખ બની ગઇ છે. ઇંદ્રિય-લાલસાનાં આધિક્યને કારણે આધ્યાત્મિક પંથનું જનતાને પ્રાયઃ વિસ્મરણ થઇ ગયું છે. ઇંદ્રિય-લાલસાથી દુઃખની જ પ્રાપ્તિ થતી હોવી છતાં, ઇંદ્રિય-લાલસાનો પરિત્યાગ જનતાથી થતો નથી. અધ્યાત્મિક માર્ગે અભિગમન નથી થતું.

પૂર્વકાલીન મહાપુરૂષોમાં ઉચ્ચ કોટિની પ્રજ્ઞા હતી. આથી જ તેમણે અધ્યાત્મવાદનો પુરસ્કાર કર્યો હતો. જડવાદને પોષે, ઇંદ્રિય-લાલસાને ઉત્તેજન મળે એવું તેમની સંસ્કૃતિમાં કશુંયે ન હતું. ઇંદ્રિય-લાલસાનો ઉપદેશ તેઓ ધારત તો જરૂર આપી શકત પણ ઇંદ્રિય-લાલસા એ જીવનનું પરમ ધ્યેય ન હોવાનું તેઓ સારી રીતે જાણતા હતા. આથી તેમણે આધ્યાત્મિકવાદનો જ બોધ આપ્યો. જડવાદનો બોધ ન આપ્યો એટલે દુનીયા ઊંધી વળી જાય, દુનિયાનું સત્યાનાશ થાય એવું તેમણે કશુંયે ન કર્યું. ઇંદ્રિય-લાલસા એવી બૂરી ચીજ છે કે જેમાંથી કંઇ પણ વાસ્તવિક લાભ ન જ થાય. ઇંદ્રિય-વાસનારૂપી કાલિમા-માંથી અનિષ્ટ પરિણામો જ સંભવે. ઇંદ્રિય-વાસનાનું સ્વરૂપ એવું ઘોર અને અનિષ્ટકારી છે કે, તેનાં વિકૃત સ્વરૂપનું લેશ પણ સમર્થન ન જ થઇ શકે. ઇન્દ્રિય-લાલસાનું વિકૃત સ્વરૂપ કોઇ અયોગ્ય રીતે ગુપ્ત રખાય એ કોઇ પણ રીતે ઇષ્ટ ન હોય શકે. ઇંદ્રિય-લાલસાનાં સ્વરૂપની અયુક્ત ગુપ્તતા સર્વથા અનિષ્ટ-કારી થઇ પડે છે.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષણિક વસ્તુઓમાં આસક્ત થઈને અનંતુ જીવન ક્ષણિક ન બનાવો.

લે૦ શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

આત્માને છોડીને સંસારમાં માટી આદિ જડ વસ્તુઓ તથા ઘરેણાં, કપડાં, મકાન આદિ જડના વિકારો સઘળી વસ્તુઓ ક્ષણિક છે, અસ્થિર છે, અનિત્ય છે, જીવનને વધારવાને માટે સર્વથા અસમર્થ છે.

પ્રાણીમાત્ર જીવવાની ઈચ્છાથી જડ વસ્તુઓનો ઉપયોગ કરે છે. જેમ જેમ જડ વસ્તુઓનો વધુ પ્રમાણમાં ઉપયોગ કરતા જાય છે, તેમ તેમ તેમનું જીવન ક્ષણિક બની ટુકડા થતા જાય છે. જીવો અજ્ઞાનતાથી એમ માને છે કે અમે જીવન વધારીએ છીએ પણ જીવન વધવાને બદલે ઓછું થતું જાય છે.

સંસારમાં સાચા જીવનને ઓળખનાર મનુષ્યો ઘણાં જ થોડા પ્રમાણમાં હોય છે, દુનિયાનો મોટો ભાગ જીવની સાથે થયેલા દેહના સંયોગને જ જીવન માને છે, ઘણા વર્ષ દેહનો જીવની સાથે સંયોગ રહે તો લાંબુ જીવન માને છે, અને થોડા વર્ષ સંયોગ રહે તો ટૂંકું જીવન માને છે. આ પ્રમાણે જીવનના સ્વરૂપને જાણનારાઓ જીવની સાથે દેહનો વધારે કાળ સંયોગ ટકાવી રાખવાને માટે અનેક પ્રકારના ઉપાયો કરે છે.

સંસારમાં કોઈ પણ જીવને મરવું ગમતું નથી. ગમે તેવી તેની શારીરિક સ્થિતિ ખરાબ કેમ ન હોય તો પણ તે જીવવાની જ ઈચ્છાવાળો હોય છે. જીવવાને માટે માયા, છળ-કપટ, પ્રપંચ, અસત્ય અને અનીતિ આદરે છે, ધર્મ-કર્મથી વિમુખ થઈ જાય છે. ભલે ધર્મનો સંયોગ કેમ ન નષ્ટ થઈ જાય, પણ દેહનો સંયોગ તો બન્યો રહેવો જ જોઈએ-આવા પ્રકારની ભાવનાથી અનીતિ અને અધર્મમાં ઊતરી પડે છે. માંદો પડયો હોય અને ડૉકટર કે વૈદ્ય અભક્ષ્ય ભક્ષણ કરવાનું કહે તો તે ખુશીથી કરવા તૈયાર થઈ જાય છે. અનેક જીવોનો નાશ કરીને તૈયાર કરેલી દવા જીવવાને માટે ખુશીથી વાપરે છે. અનેક જીવોનો નાશ સાંભળવા છતાં જીવવાના અર્થીનું હૃદય કંપતુ નથી. તે એવાં વિચારવાળો હોય છે કે, જીવવાને બધું ય કરવું પડે છે, જીવતા રહીશું તો ધર્મના અનેક કાર્ય કરીને પાપથી છૂટી જઈશું. ધર્મના સાધનોમાં શરીર મુખ્ય સાધન છે. શરીર વગરનાં બધાં સાધનો નકામાં છે. આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારની ભાવનાઓથી હૃદય નિરંતર વાસિત રહેલું હોવાથી સઘળા જીવોને જીવવું ગમે છે, એ સિદ્ધાંત ભૂલી જાય છે.

અલ્પજ્ઞ જીવો બે પ્રકારના જીવન માને છેઃ એક દુઃખી જીવન, અને બીજું સુખી જીવન. મોજશોખથી જીવવું તે સુખી જીવન અને સાદાઈથી જીવવું તે દુઃખી જીવન. જેને ખાવાને ફક્ત રોટલા ને દાળ જ હોય, પહેરવાને જાડાં ખાદીનાં કપડાં હોય, રહેવાને સાધારણ એક મજલાવાળું મકાન હોય, સૂવાને માટે જમીન હોય, અથવા શણની દોરીથી ભરેલો ખાટલો હોય, પાથરવાને માટે શેત્રંજી, સાદરી અથવા સો થીગડાવાળું ગોદડું હોય, પગમાં પહેરવાને સાધારણ દેશી જોડા હોય અથવા ઉઘાડે પગે ફરતો હોય, માથા પર ચાર છ આનાની ટોપી હોય, ઘરમાં અજવાળા માટે એરંડીયાનું કોડીયું હોય અથવા ઘાસતેલનો ખડીયો હોય, વાપરવાનાં વાસણો માટીનાં હોય, અથવા સાધારણ ત્રાંબા, પીત્તળ કે કાંસાના હોય, હંમેશાં પગપાળો ચાલનાર હોય, જરૂરીયાતો ઓછી હોવાથી સંતોષ રાખીને ફૂરસદના ટાઇમે શાંત ચિત્તથી પ્રભુભક્તિમાં લીન રહેતો હોય–આવા પ્રકારની સ્થિતિમાં જીવનારના જીવનને અજ્ઞાની પુરુષો દુઃખી જીવન કહે છે.

જેને ખાવાને મિષ્ટાન્ન, ફળ, શાક, દૂધ, દહીં, ઘી, મેવા આદિ પદાર્થો હોય, પહેરવાને માટે કિંમતી ઊંચી જાતના રેશમ, મખમલ જરી વિગેરેનાં ફેન્શી શિલાઇનાં કપડાં હોય, રહેવાને માટે બાગબગિચાથી ઘેરાયલો, પચાસ-હજાર—લાખનો બંગલો હોય, સૂવાને માટે સુંદર મિનાકારીકામવાળો સ્વર્ણ પલંગ હોય, પાથરવાને રેશમી ખોલવાળાં મણમણ રૂનાં ગાદલાં હોય, પગમાં પહેરવાને પચીસ પચાસ બૂટ હોય. માથા પર કસબી તોરાવાળી પાઘડી હોય, અથવા પચીસની ટોપી હોય, ઘરમાં રાત્રે અજવાળા માટે વિજળીની લાઇટ હોય, ગરમીમાં વીજળીના પંખા ચાલતા હોય, વાપરવાનાં વાસણો સોના, ચાંદીનાં કે જરમન સીલ્વરનાં હોય, જરૂરીયાતો ઘણી હોવાથી ધન મેળવવા રાતદિવસ ચિંતાગ્રસ્ત રહેતો હોય, અનીતિ અને અધર્મથી મેળવેલા દ્રવ્યને રાખવા તથા વધારવા કાવાદાવા કરતો હોય, ચાલવાનો પણ પરિશ્રમ ન કરતો હોવાથી રોગગ્રસ્ત શરીરવાળો હોય, શોખથી વધારે વિષય સેવવાવાળો હોવાથી શક્તિહીન–પુરુષાર્થહીન હોય. બસો બસોના ડોકટર હંમેશાં શરીર તપાસતા રહેતા હોય, વિષયાસક્ત બની વધુ વિષય સેવવાના લોભથી જીવવા અનેક જીવોને મારીને તૈયાર કરેલી દવા ખાવા હંમેશાં આતૂર હોય, વિષય માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે અન્ય અપરાધો માટે મોડી રાત સુધી જાગીને સૂતો હોય, અને પહોર દિવસ ચડે આંખો ચોળતો ઊઠતો હોય, કોઇ પણ કાર્ય કરવાને શક્તિહીન કે સત્વહીન બનીને નોકરચાકરની વધારે અપેક્ષા રાખતો હોય, મોજશોખ તથા ઘણી જરૂરીયાતોની ચિંતાથી જેને ફૂરસદનો ટાઈમ બિલકુલ ન મળતો હોય, સાધુમહાત્મા મહાપુરુષોને જોઇને આંધળો બની જતો હોય, યાચકોના દુઃખી શબ્દો સાંભળવા બ્હેરો બની જતો હોય, પોતાને જ દેવ તરિકે માનતો હોય, સંસારની સઘળી વસ્તુઓ વાપરવાને માટે બનાવી છે, એવા ધર્મના સિદ્ધાંતવાળો હોય, બીજા કંગાળ થઈ દુઃખી થાઓ, મરો કે જહાનમમાં જાઓ પણ પોતે તો ધન ભેગું કરવામાં આવતી પ્રવૃત્તિઓને જ ધાર્મિક ક્રિયા તરિકે માનતો હોય.–આવા પ્રકારની કનીષ્ઠમાં કનીષ્ઠ ભાવના અને જીવનમાં જીવનારને તાત્વિક દૃષ્ટિથી અણજાણ અલ્પજ્ઞ જીવો સુખી જીવન માને છે, અને આવા પ્રકારના જીવનમાં જીવવાની આકાંક્ષા રાખીને કલ્યાણનો માર્ગ છોડી અકલ્યાણના માર્ગે દોરાઇ જાય છે. અથવા તો કલ્યાણના માર્ગમાં રહીને પણ આવા પ્રકારના જીવન માટે પ્રભુપ્રાર્થના અને ભક્તિ કરે છે.

ઉપરોક્ત સુખી જીવનમાં જીવવાની ઇચ્છાવાળાઓ જડાસક્ત બનીને જડના જ સંરક્ષણ માટે અનેક જીવોના જીવનનો જલદી અંત આણે છે. તેઓને જીવો કરતાં જડ ઘણું પ્રિય હોય છે. તેઓ નિરંતર જડને મેળવવાની ચિંતાથી જડના જ ધ્યાનવાળા હોઇને જડમય બની ગયેલા હોય છે. સોનું, ચાંદી, ઝવેરાત આદિ જડ વસ્તુ, તથા સારા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ જડના ધર્મ પ્રાપ્ત થતા હોય તો જીવના જીવનની તેમને દરકાર કે કાળજી રહેતી નથી. જીવોના જીવનનો ઝટ નાશ કરી નાંખે છે. જેના માટે પાછળથી જરા ય પશ્ચાત્તાપ કે શોક થતો નથી. ઉલટા જડની પ્રાપ્તિથી આનંદ માને છે. પોતાને સુખી માને છે. આ બાબત નીચે બતાવેલા ઉદાહરણોથી સ્પષ્ટ જણાઇ આવશે. આવા ઉદાહરણો આ કલિકાળ–પંચમ કાળમાં પ્રત્યક્ષ બની રહ્યાં છે, કારણ કે આ કાળમાં દુનિયાનો મોટો ભાગ જડાસક્ત થઇ જડવાદી બની રહ્યો છે.

ધનના લોભી, ધનને જ કિંમતી જીવન માનનારાઓ પોતાના પિતા, પુત્ર, ભાઇ, ભગિની, માતા જેવા નિકટના સ્નેહિયોના ધનના માટે પ્રાણ હરણ કરતાં જરા ય ડરતા નથી. ચોર–લૂટારા અને ધાડપાડુઓ ધનના માટે માણસોને મારી નાંખે છે. રાજ્યના લોભથી અનેક રાજપુત્રોને વિષ અપાયાં છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માન કષાય.

ચાર પ્રકારના કષાયનો બીજો પ્રકાર માન—અભિમાન છે. તે પણ અનુતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એ પ્રકારે પરિણામની તરતમતાએ ચાર પ્રકારે છે. માન પણ ક્રોધની જેમ દોષના ઘરનો છે.

મનુષ્યને માન કષાય ઉત્પન્ન થતાં કોઇપણથી તે પોતાને ઉંચો ગણે છે. મારા

---

અને અપાય છે. આ બધું શા માટે ? ધન મેળવી મોજશોખ ભોગવવા માટે. જીવન વધારવાના હેતુથી ધન દ્વારા જીવન વધારે તેવા પદાર્થો મેળવી, તેને વાપરી વધારે જીવવાને માટે. આ પ્રમાણે જડાસક્ત મનુષ્યો મનુષ્યોના જીવનનો અંત આણે છે.

હવે જડાસક્ત મનુષ્યો પોતાના માનેલા જીવનમાં જીવવા પશુઓના પ્રાણ પણ હરણ કરે છે. ચામડાને માટે, હાડકાને માટે, માંસને માટે, ચરબીના માટે, રૂધીરના માટે હરણ, કુકડાં, પક્ષીયો, ગાય, ભેંસ, બળદ, બકરાં આદિ પશુપક્ષીયોના પ્રાણ હરણ કરે છે. તેમને રીબાવી રીબાવીને મારી નાંખે છે. પરાધીનપણે અનિચ્છાએ મોતને શરણ થતાં તેમની કરૂણામય કારમી ચીસો જડાસક્ત નિર્દય માનવીયોના હૃદયને સ્પર્શ કરી શકતો નથી.

પામર—તુચ્છ મનુષ્યો પોતાના દેહને જાળવવાને, જીવનને વધારવાને અથવા જીવનનો શીઘ્ર અંત ન આવી જાય એટલા માટે માખી, મચ્છર, કીડી, મકોડા, ઈયળ આદિ જીવોનો સંહાર કરે છે. મધ મેળવવા માખીઓનો નાશ કરે છે. મચ્છર, માંકડ, ચાંચડ આદિ જંતુઓ દેહનું રૂધીર પીયે છે અને તેમ થવાથી જીવન ઓછું થાય છે એમ માની તેમનો હાથેથી મશળી નાંખી અથવા દવાના પ્રયોગથી નાશ કરે છે. સાપ, વિછૂ, કાનખજૂરા આદિ ઝેરી પ્રાણીયો છે તે કરડવાથી માણુસ મરી જાય છે, એમ માનીને તેમને મારી નાંખે છે. આ સિવાયનાં બીજા પણ સૂક્ષ્મ જંતુઓનો પોતાના જીવનમાં અસ્વાસ્થ્ય ઉત્પન્ન કરવાની તેમજ જીવનનો નાશ કરવાની આશંકાથી નાશ કરે છે, ઇન્દ્રિયો શિથિલ ન થવા પામે અને મનગમતા વિષયોને ભોગવવા છતાં જીવનની શક્તિ ક્ષીણ ન થાય, તેમજ જીવનની સ્થિતિ પણ વધે એવા આશયથી પણ અનેક પ્રકારના સૂક્ષ્મ તથા સ્થૂલ જીવોનો નાશ કરીને તેમના દેહના અવયવોનો જડાસક્ત મનુષ્યો ઉપભોગ કરે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેવો ભણેલો, બુદ્ધિશાળી, વાચાળ, પૈસાપાત્ર કોઇ નથી. હું કંઇક છું. બીજાઓ મારી પાસે કઇ વીસાતમાં છે ! આવો પરિણામ ઉત્પન્ન થવો, તેને માન કષાય કહેવાય છે. માન ઉત્પન્ન થતાં તે મદોન્મત્ત બને છે, પછી તે ક્રમે કરીને ક્રોધના ઘરમાં પ્રવેશ કરે છે.

થોડા જ્ઞાનવાળાને જ માન ઉત્પન્ન થાય છે અને તે જ ઉદ્ધત બને છે. 'અધૂરો ઘડો છલકાય' એ કહેવત તેને બરાબર લાગુ પડે છે.

માન–અભિમાન–મદ તેના આઠ પ્રકારો શાસ્ત્રકારે બતાવેલા છે. જાતિમદ, કુળમદ, લાભમદ, ઐશ્વર્યમદ, રૂપમદ, તપમદ, બળમદ અને વિદ્યામદ છે. બાહુબળજી જેવા મહામુનીશ્વર જે કે તે જ ભવમાં મોક્ષ ગયા, તેમના જીવનમાં તેમને બળ અને મોટાઇનો મદ થયો હતો, ત્યાં સુધી કેવળજ્ઞાન ન થયું, અને બ્રાહ્મી, સુંદરીએ "વીરા ગજથકી હેઠા ઊતરો" એ મોટાઇનો મદ ઉતરાવવા સંજ્ઞાસૂચક વાક્ય કહેતાં ખરેખરું ભાન થયું, કે તરતજ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

શ્રીમહાવીર પ્રભુએ મરીચિના ભવમાં કુળમદ કર્યો હતો જેથી તીર્થંકર ભવમાં નીચ કુળમાં પ્રથમ ચ્યવન થયું, એટલે કુળમદ કરવાથી પરભવમાં નીચ કુળમાં અવતરવું પડે છે.

હલકી જાતિનો તિરસ્કાર કરી પોતાની જાતનું અભિમાન કરનારને પછીના ભવે હલકી જાતિમાં જન્મ લેવો પડે છે; જેમ કે હરિકેશી મુનિ, મેતાર્ય મુનિ.

વૈભવ, સત્તા વગેરેનો મદ કરનારને તેના કરતાં અધિક વૈભવ–સત્તાશાળી મનુષ્યોને જોતાં તેનો મદ ગળી જાય છે અને મદ કરનારને બીજા ભવમાં ઐશ્વર્ય પ્રાપ્ત થતું નથી. અધિક સુંદર રૂપ મળવાથી તેનો મદ કરવો નકામો છે, કારણ કે આ સુંદર દેહમાં કયારે રોગ આવશે, કયારે રૂપ બદલાશે, કયારે સૌંદર્ય નષ્ટ થશે તેની ખબર નથી. માટે તેનો મદ કરવો મિથ્યા છે.

તપનો મદ કરવો મિથ્યા છે કારણ કે શ્રી મહાવીર પ્રભુએ તે ભવમાં સાડા બાર વર્ષો સુધી ઉત્કૃષ્ટ તપ કર્યો હતો, બીજા પણ શાસ્ત્રમાં દૃષ્ટાંતો છે, તેમની પાસે તપમદ હિસાબમાં નથી, તેટલું જ નહિં પરંતુ પછીના ભવમાં તેનો મદ કરવાથી વીર્યાંતરાય બંધાતા તપ કરવાની ઇચ્છા છતાં થઇ શકતો નથી.

બળનો મદ કરવો તેટલા માટે નકામો છે કારણ કે અનંત બળવાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર્થંકર ભગવાનો, અતુલબળી ચક્રવર્તીઓ, બળદેવો, વાસુદેવોના બળ પાસે આપણું ગમે તેટલું બળ નકામું છે અને તેના બંધથી પછીના ભવમાં ધર્મ સાધન કરવા માટે જોઈએ તેટલું કાયબળ પ્રાપ્ત થતું નથી.

**લાભમદઃ**—ચક્રવર્તીઓની ઋદ્ધિસિદ્ધિ, ચૌદ રત્નો, નિધાનો તેની પાસે આપણી પાસે ગમે તેટલી લક્ષ્મી હોય તે તૃણ માત્ર છે. વળી લક્ષ્મી ચંચળ છે. ક્યારે ચાલી જાય તેની ખબર પડતી નથી. અનેક મનુષ્યો કરોડાધિપતિ અને લાખોની મીલ્કતના માલેકો ભીખારી થઇ ગયા આપણે જોઈએ છીયે. જેથી આવી ચંચળ વસ્તુનો મદ શા માટે કરવો ? વળી તેનો બંધ પડતાં પવભવમાં અંતરાય કર્મના ઉદયે અનેક વેપારો કરતાં પણ લાભ મળતો નથી.

**જ્ઞાનમદઃ**—જ્યારે દરેક મદને જ્ઞાનથી દૂર કરી શકાય છે ત્યારે જ્ઞાનનો મદ તો સૌથી વધારે ભયંકર છે, કારણ કે ચૌદ પૂર્વના જ્ઞાન અને કેવળજ્ઞાન વગેરે પાસે અત્યારનું ભાષાજ્ઞાન કે આગમજ્ઞાન હિસાબમાં નથી અને તેનો મદ કરવાથી ઘણા ભણેલાને તેનું અજીર્ણ થયાના દાખલા મોજુદ છે. જ્ઞાન તો એવી વસ્તુ છે કે તે પ્રાપ્ત થયે આંબાને કેરી આવતાં જેમ તે નમે છે તેમ જ્ઞાન પ્રાપ્ત થયું હોય તે મનુષ્ય વધારે નમ્ર બને છે. તે અક્કડ તો થાય જ નહીં, પરંતુ સાથે વિનયી અને પૂજ્યભાવ પણ પ્રગટે છે.

અભિમાની પુરૂષ વિશેષ જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી, વિનયી બનતો નથી, મહાન પુરૂષોની કૃપા મેળવી શકતો નથી, તેનો કોઈ સ્નેહી થતું નથી, તે કોઇનો કોઇ કાર્ય માટે સહકાર પણ મેળવી શકતો નથી. એવા મનુષ્યો પાસે ખુશામતખોરો વધે છે, ખોટા વખાણ કરી દરેક બાબતમાં તેની હા....એ....હા ભણી પૈસા પડાવે છે, તેને દુર્ગુણી બનાવે છે, અને મદ કરનાર દિવસાનુદિવસ અતડો થતો જતો હોવાથી તેને કોઇ પ્રેમપૂર્વક ચાહતું પણ નથી, અને તે કષાયથી નિરંતર તેના શત્રુઓ પણ વધતા જાય છે. અભિમાનને લઇને પોતાનું માન સાચવવા પૈસો ખૂટતાં કરજ કરીને, સાઠ લઇ સો રૂપીયાનું ખાતું પાડી આપીને પણ ખરચ કરી છેવટે આખી જિંદગી દુઃખ પામે છે વખતે કેટલાકને વગર મોતે આપઘાત પણ કરવાનો વખત આવે છે. સંસારમાં તેવા દાખલા જોઇએ છીયે.

જ્યારે મનુષ્યનો વિનાશ થવાનો વખત આવે ત્યારે અભિમાનની શરૂઆત થાય છે અને તેને અટકાવવા ગુરુ કે વડિલજન પ્રયત્ન કરે તો તેની સાથે ઉદ્ધતાઈથી વર્તે છે છેવટ તેનો વિનાશ થાય છે, માટે મદનો ત્યાગ કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે માનથી આલોક તથા પરલોકમાં સિદ્ધિ થાય, ફરજ તથા કર્તવ્ય અકર્તવ્યનું ભાન થાય તેનું નામ તો સ્વમાન છે. તે મદ નથી પણ ગુણ છે; કારણ કે તેમાં આત્માની શક્તિનું ભાન થવા સાથે મનુષ્ય પોતાનું વ્યવહારિક ધાર્મિક ફરજ-કર્તવ્ય શું છે તે જાણી સ્વપર ઉપકાર કરી આત્મકલ્યાણ સાધી શકે છે તેનું નામ જ સ્વમાન છે-તે સદ્ગુણ છે, તે રાખવું અને ન હોય તો લાવવા પ્રયત્ન કરવો; પરંતુ જે માન, જેને કષાય કહેવામાં આવે છે, જે ક્રોધને ઉત્પન્ન કરે છે, જે દ્વેષના પુત્ર સમાન છે, જેનાથી આત્મધર્મ બગડતો હોવાથી તેનાથી દૂર રહેવું જરૂરનું છે. લઘુતા ધારણ કરવાથી માન કષાય ઉત્પન્ન થતો નથી. તેને માટે શ્રી ચિદાનંદજી મહારાજનું નીચેનું પદ આપી આ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

## લઘુતા પદ.

લઘુતા મેરે મન માની, લઇ ગુરુગમ જ્ઞાન નિશાની.....લઘુ૦—એ આંકણી.

મદ અષ્ટ જિનોંને ધારે, તે દુર્ગતિ ગયે બિચારે;
દેખો જગતમેં પ્રાની, દુઃખ લહત અધિક અભિમાની....લઘુ. ૧.
શશી સૂરજ બડે કહાવે, તે રાહુકે બસ આવે;
તારાગણ લઘુતા ધારી, સ્વરભાનુ ભીતિ નિવારી....લઘુ. ૨.
છોટી અતિ જોયણગંધી, લહે ખટરસ સ્વાદ સુગંધી;
કરટી મોટાઇ ધારે, તે છાર શિશ નિજ ડારે....લઘુ. ૩.
જબ બાલચંદ્ર હોઇ આવે, તબ સહુ જગ દેખણ ધાવે;
પુનમદિન બડા કહાવે, તબ ક્ષીણ કલા હોય જાવે....લઘુ. ૪.
ગુરુવાઇ મનમેં વેદે, ઉપ શ્રવણ નાસિકા છેદે;
અંગમાંહે લઘુ કહાવે, તે કારણ ચરણ પૂજાવે....લઘુ. ૫.
શિશુ રાજધામમેં જાવે, સખી હિલમિલ ગોદ ખીલાવે;
હોય બડા જાણ નવિ પાવે, જાવે તો શીશ કટાવે....લઘુ. ૬.
અંતર મદ ભાવ વહાવે, તબ ત્રિભુવન નાથ કહાવે;
ઈમ ચિદાનંદ એ ગાવે, રહણી બિરલા કોઉ પાવે.....લઘુ. ૭.

આ પદનું નિરંતર રટણ પઠન-પાઠન કરવાથી માન કષાય ઉત્પન્ન થશે નહિ અને થશે તો આ પદનું સ્મરણ થતાં અટકશે.

"ગાંધી"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચી લોક–સેવા

અનુ૦અભ્યાસી-ભાવનગર

દુનિયાને સુધારવાની અને દુનિયાનો ઉદ્ધાર કરવાની ચિંતા છોડી દઇને પહેલાં તમે તમારી પોતાની જાતને સુધારો અને તમારો પોતાનો ઉદ્ધાર કરો. તમારો સુધારો થઇ જશે તો સમજી લો કે દુનિયાના એક આવશ્યક અંગનો સુધારો થઈ ગયો. જો એમ ન થાય, તમારા હૃદયમાં ઉચ્ચ ભાવોનો સંગ્રહ ન થઇ શકે, તમારી ક્રિયાઓ રાગદ્વેષ વગરની પવિત્ર ન થઇ અને તમે દુનિયાને સુધારવાનું બીડું ઉઠાવ્યું તો યાદ રાખો કે તમારાથી દુનિયાનો સુધારો નહી થઇ શકે. એમ ન માનો કે તમે લોકસેવક છો, લોકસેવા કરતા હો તો પછી તમારા વ્યક્તિગત ચરિત્રની સાથે તેને શો સંબંધ છે ? તમારૂં ચરિત્ર કલુષિત અથવા દૂષિત હશે તો તમે લોકસેવા નહિ કરી શકો. લોકસેવા તમે તમારી પાસે જે કંઇ સાધનસામગ્રી હશે તેનાથી જ કરી શકશો દુનિયા સમક્ષ તમે એ જ ચીજો રાખશો, તેને એ જ પદાર્થ આપી શકશો જે તમારી અંદર હોય છે. દુનિયાને તમે સ્વાભાવિક રીતે એ જ ક્રિયા શીખડાવશો જે તમે પોતે કરતા હો. એનાથી દુનિયાનું કલ્યાણ કદી પણ નહિ થઈ શકે.

જ્યાં સુધી તમારી આભ્યંતરિક આંખો ઉપર રાગદ્વેષના ચશ્મા ચઢેલા હોય છે ત્યાં સુધી તમને વસ્તુસ્થિતિનું યથાર્થ દર્શન નહિ થાય, અને યથાર્થ જ્ઞાન વગર તમે એ બાબતનો વિચાર નહિ કરી શકો કે કયી વસ્તુથી જગતનો સુધારો અથવા ઉદ્ધાર થશે, કેમકે તમારા વિચારમાં તો એ જ કાર્ય ઠીક લાગવાનું કે જ્યાં તમારો રાગ છે; પરંતુ સંભવ છે કે એ કાર્ય ઠીક ન હોય.

તમે ખરેખરી રીતે સુધર્યા ન હો અને દુનિયાને સુધારવા ચાહતા હો તો એ સ્થિતિમાં બે વસ્તુ થશે. કાં તો તમે અજ્ઞાનને લઈને તમારી જાતને ઉત્તમ સ્થિતિએ પહોંચેલી-દુનિયાને સુધારવાની યોગ્યતા ધરાવનાર ઉચ્ચ કોટિના પુરૂષ માનીને અભિમાનવશ થઇ જશો અથવા દંભ અને કપટ કરવા લાગશો. બન્ને રીતે તમારૂં પતન થશે. દુનિયાનો સુધારો તો થશે જ નહિ.

અભિમાન બીજાઓને તમારી દૃષ્ટિએ તમારાથી નીચે પડેલા દેખાડશે. તમે તેઓ ઉપર શાસન કરવા ઇચ્છશો, તેઓના નેતા બનવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છા કરશો, તમારા ઝંડા નીચે લાવીને તેઓને અનુયાયી બનાવવા ઇચ્છશો. તેઓ તમારા અભિમાનથી ચીડાશે. પરસ્પર વૈમનસ્ય થશે. તમારી તેમજ તેઓની શકિત એક બીજાને નીચા જોવામાં ખર્ચાઇ જશે. ચિત્ત અશાંત રહેશે અને એ ચિન્તામાં દુનિયાને સુધારવાની વાત ભૂલીને દુનિયાનું મહાન અકલ્યાણુ કરી બેસશો.

યાદ રાખો—જે ક્રિયાથી દુનિયાનું સાચું હિત થાય છે તેમાં તમારૂં હિત જરૂર રહેલું છે, પરંતુ દુનિયાનું ભલું આપણે પોતે ભલા બન્યા વગર આપણે નથી કરી શકતા. એટલા માટે પહેલવહેલા તમે પોતાને સુધારો. તમારો પોતાનો સુધારો થયા પછી તમે દુનિયાને સુધારવાનું બીડું નહિ ઉઠાવો તો પણ તમારી દરેક ક્રિયા દુનિયાનો સુધારો કરશે. તમારૂં જગતમાં રહેવાનું, શ્વાસ લેવાનું, ખાવાપીવાનું, સૂવા ઉઠવાનું, તેમજ તમારા સઘળા વ્યવહાર સ્વાભાવિક રીતે દુનિયાનું ભલું કરનાર નીવડશે.

જ્યાં સુધી તમારા મનમાં એ જ રહે છે કે મારી વગર સંસારનું ભલું કેવી રીતે થશે ત્યાં સુધી તમારાથી સંસારનું ભલું નહિ થાય. જ્યાં સુધી તમે એમ માનો છો કે હું ઉત્તમ છું, મારામાં સદ્‌ગુણ છે, હું ઊંચો છું, બીજા માણસો નીચા છે, દુર્ગુણી છે, હલકા છે ત્યાં સુધી તમે જગતનું કલ્યાણ નહિ કરી શકો. જ્યાં સુધી તમે એમ ઇચ્છતા હશો કે હું દુનિયાનું ભલું કરૂં અને દુનિયા મને તેનો નેતા માને, પૂજ્ય માને, મને સેવ્ય સમજી મારૂં સન્માન કરે, મારી સેવાપૂજા કરે ત્યાં સુધી તમે તેનું યથાર્થ કલ્યાણ નહિ કરી શકો. કેમકે તમારા મનમાં નેતા, પૂજ્ય અને સેવ્ય બનવાની જે ઇચ્છા રહેલી છે તે તમારી અંદર એક એવા પ્રકારની નબળાઇ પેદા કરતી રહે છે જેને લઇને તમે દુનિયા સમક્ષ સાચી વાત નથી મૂકી શકતા. કેટલેક અંશે તમારે તેઓના મનને અનુકૂળ વાતો જ કરવી પડશે. તમારા મનમાં એવો ડર રહેશે કે લોકો કોઇ પણ રીતે નારાજ ન થાય, કેમકે લોકોની નારાજીમાં તમને સેવા–પૂજા અને માન–પ્રતિષ્ઠા ન મળવાની આશંકા રહેલી છે.

યાદ રાખો–જ્યાં સુધી તમે માન–પ્રતિષ્ઠા ખાતર લોકસેવા કરતા હશો, લોકસેવા કરીને માન–પ્રતિષ્ઠા મેળવવાથી પ્રસન્ન થતા હશો ત્યાં સુધી તમારા મનમાં લોકસેવાની સાથોસાથ માન–પ્રતિષ્ઠાની એક એવી ઇચ્છા છુપાઇ રહેલી છે કે જે ધીમે ધીમે તમને લોકસેવાથી હઠાવીને લોકરંજન તરફ લઇ જાય છે. અને જ્યારે તમારા મનમાં લોકરંજનની ભાવના જાગશે–તમારો ઉદ્દેશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# “ મોહ--મમતા શેમાં રહેલી છે ? ”

( હું અને મારાપણામાં ! )

હું અને મારૂં એ બે શબ્દોમાં જ આખા જગતનાં સમસ્ત દુઃખો રહેલા છે. આ વસ્તુ મારી છે એવી ભાવના થતાં જ તેમાં આસક્તિ ઉત્પન્ન થાય છે અને તેની સંતતિરૂપ અનેક દુઃખો આવવાના દ્વાર ખુલ્લા થાય છે. આપણા દુઃખનું મોટું કારણ કૃત્યો નથી પણ કૃત્યો પ્રત્યેની ફલાસક્તિ છે. તે આસક્તિથી મમતાપૂર્વક કૃત્યો કરવામાં આવે છે તેથી જ ઉત્પન્ન થનારા દુઃખો કર્ત્તાને ભોગવવા પડે છે. કોઇ પણ ઇષ્ટ વસ્તુના વિયોગથી દુઃખ થવાનું કારણ તેની સાથે મમતારૂપ અભ્યાસ બાંધ્યો હતો, કોઈ પણ વસ્તુ ઉપર આસક્તિ ઉદ્ભવી કે દુઃખની પરંપરા શરૂ થાય છે અને સંસારની જાળમાં સપડાવું પડે છે. જ્યાં હું અને મારૂં નથી ત્યાં દુઃખ પણ નથી, માટે જે કરવું હોય તે કરવું, આપવું હોય તે આપવું પણ બદલાની આશા રાખ્યા વગર અને મારાપણાની મમતા રાખ્યા વગર દરેક કાર્ય આત્મકલ્યાણની

---

લોકરંજન થઇ જશે ત્યારે તમારે લોકસેવા બીલકુલ તજી દેવી પડશે અને તમે એવું કરશો કે જેમાં લોકરંજન રહેલું હોય; કેમકે તેનાથી તમને માન-પ્રતિષ્ઠા મળશે. જે ક્રિયા અથવા કાર્યોથી તમને માન-પ્રતિષ્ઠા નહિ મળે તે તમે નહિ કરો. પછી ભલે તે લોકહિત કે પોતાના હિત માટે ગમે તેટલી જરૂરની હોય. અને જે ક્રિયા અથવા કાર્યથી તમને માન-પ્રતિષ્ઠા મળતી હશે. તે ખરાબ માનવા છતાં પણ તમે કરશો. એ રીતે તમારૂં જીવન દંભ અને કપટપૂર્ણ થઇ જશે.

આનું એ તાત્પર્ય નથી કે તમારે લોકસેવા કરવાનું છોડી દેવું. લોકસેવા કરો-ખૂબ કરો, પરંતુ તે સાથે તમારી જાતને લોકસેવા કરવા લાયક બનાવતા રહો. તમારી અંદર જેટલી પવિત્રતા આવશે તેટલી જ તમે લોકસેવા કરવાની યોગ્યતા પ્રાપ્ત કરશો. એટલા માટે ખૂબ જ સાવધાનીથી તમારા ભાવો પવિત્ર બનાવો, તમારૂં ચરિત્ર સુધારો, તમારા આચરણો ઊંચા બનાવો, રાગદ્વેષનો ત્યાગ કરો અને માન પ્રતિષ્ઠાની ઇચ્છા છોડો. પછી તમે જે કંઇ કરશો તેનાથી દુનિયાનો ઉદ્ધાર જરૂર થશે-ભલે તે વખતે તમારી ક્રિયાઓ સર્વથા નિવૃત્તિપરાયણ હોય એની હરકત નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સોનેરી સુવાકયો.

સંગ્રાહક : સ. ક. વિ.

૧૮. આંધળો કૂવામાં પડે તેમાં નવાઈ નથી પરંતુ દેખતો માણસ હાથમાં દીવો લઈને કૂવામાં પડે તો એ આત્મઘાત થાય, આત્મહત્યા કરતાં અંધમૃત્યુ વધારે સારૂં.

૧૯. પાપીમાં પાપી માણસને પણ જન્મે જન્મે ઇશ્વર નિર્દોષ બાળક બનવાની તક આપે છે એ તેની કેવી કૃપા કહેવાય ?

૨૦. જ્ઞાન માત્ર સ્મૃતિ જ છે. ભુલાઈ ગયેલું ફરીથી સાંભરે છે અને જ્યારે સ્મૃતિ આવે છે ત્યારે જેને સ્વપ્નમાં પણ ન્હોતો જાણતો તેવી આશાઓ આવે છે અને ત્યારે જ આત્માની–પરમાત્માની ઝાંખી થવા લાગે છે.

---

ભાવનાનો ધ્યેય રાખીને કરવું. હું અને મારૂં કે જેમાં મમતા રહેલી છે એ ભાવનાને છોડી દેવી. તેને માટે શ્રી યશોવિજયજી મહારાજે નીચે પ્રમાણે કહેલું છે.

अहं ममेति मंत्रोऽयं मोहस्य जगदांध्यकृत् ।
अयमेव हि नञ्पूर्वः प्रतिमंत्रोऽपिमोहजित् ॥

મોહ એટલે આત્મભિન્ન પદાર્થોને વિષે આત્મીયત્વ બુદ્ધિ ઉત્પન્ન કરનાર મોહનીય કર્મમૂઢતા–હું એટલે હું દેવદત્ત આ ધનાદિનો સ્વામી છું. મમ એટલે આ દ્રવ્યાદિ મારૂં છે. હું અને મારૂં એવો જે મોહનો મંત્ર છે તે કેવો છે તે કહે છે જગદાંધ્યકૃત સર્વ વિશ્વવાસી જીવગણની જ્ઞાનચક્ષુને વિકલ કરે છે, સ્વરૂપને દેખી ન શકે એવા સ્વભાવવાળી કરે છે. અને નકારપૂર્વક તેજ મંત્ર–હું આ વસ્તુઓનો સ્વામી, સંબંધી, નથી. આ ધનાદિ મારૂં નથી. તે રૂપી મંત્ર–હૃદયગત મૂઢ સ્વભાવને કાઢી નાંખનાર પૂર્વોક્ત મંત્રને પ્રતિકૂલ, તેનો વિનાશ કરનાર પ્રતિમંત્ર પણ તેજ છે. अहं मम આ મોહનો મંત્ર છે. नाहं न मम એ મોહનો જીતનારો મંત્ર છે. સ્વપર સ્વરૂપદર્શી જ્ઞાન નેત્રને વિમલ કરે છે.

હું શુદ્ધાત્મ દ્રવ્ય છું, શુદ્ધ જ્ઞાન મારો ગુણ છે, હું અન્ય નથી, અન્ય મમ નથી, મમતા–મોહને જીતનારને આ જ તીક્ષ્ણ શસ્ત્ર છે; માટે પૌદ્ગલિક વસ્તુઓને વિષે હું અને મારાપણાની ભાવના મોક્ષસાર્થી જીવે દૂર કરવી જોઇએ. V.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧. દરેક કારણ સાથે તેનું કાર્ય અને ગતિ સાથે તેનું ફળ બંધાયેલું રહે છે. આવા જોડકાને બાંધી રાખનાર દોરી તે તૃષ્ણા છે ( દંપતીની છેડાછેડી છે. )

૨૨. દરેક જોડીમાં ઓતપ્રોત વીંટાઇ રહેનાર દોરી જો બાળી નાખવામાં આવે તો સંબંધ ટકી શકતો નથી. આ તૃષ્ણા આ દોરી તે જ કર્મ છે.

૨૩. ગમે તેવી વિપરીત પરિસ્થિતિ પણ દિવ્ય આત્માઓ પાસે ફાવી શકતી નથી.

૨૪. માણસ જાતે માણસનો વૈરી કદાપિ હોતો નથી; પરંતુ તેનામાં રહેલા સારા કે નરસા ગુણોદ્વારા ઉપસ્થિત થતાં કર્મો જ એક બીજાને સ્નેહી કે શત્રુ બનાવે છે.

૨૫. એક જ પ્રસંગ–નિમિત્ત, કારણ અને ફક્ત એક જ પળ સંસ્કારી જીવોને આધ્યાત્મિક ઉન્નતિ માટે લાયક બનાવે છે.

૨૬. અ–નિગ્રહીત મનની ઉન્માદોની ભયંકર પળોમાં પણ ઇશ્વરનું અનન્ય શરણ લઇને શુભાશુભ સંકલ્પો ઇશ્વરને સોંપવા–પ્રભુપરાયણ રહેવું એ જ ખરેખરી વીરતા છે.

૨૭. ચિત્તની શુદ્ધિ વિના સાચી વીરતા જાગ્રત થતી નથી. યુદ્ધમાં ( કાયિક, વાચિક, માનસિક ) જેટલું બળ અને તૈયારી જોઇયે તેના કરતાં શાંતિ માટે ઘણાં જ વધારે સામર્થ્યની જરૂર પડે છે.

૨૮. જે શુભ કે અશુભ બનાવો બની ગયા તેને યાદ કરી આનંદ અગર શોક કરવાથી અર્થસિદ્ધિ થવાની નથી, પરંતુ વર્તમાન કાળે આપણું શું કર્તવ્ય છે તે સદ્‌સદ્‌ વિવેકબુદ્ધિથી શોધી કાઢી તે પ્રમાણે વર્તન કરવું એ જ શાણા ( વિદ્વાન ) પુરૂષનું કર્તવ્ય છે.

૨૯. દેવ તે જ કહેવાય કે જેમાં દિવ્યતાનું દર્શન થાય. આવી દિવ્યતાનો સ્નેહાદર એ જ દેવપૂજા અને જ્યાં જ્યાં આવી દિવ્યતાનું પ્રેરક દર્શન થાય ત્યાં ત્યાં તેને ઉત્તેજવા અને પૂજવા તત્પર રહેવું એ જ મનુષ્યધર્મ છે.

૩૦. જે યોગ્ય પ્રવૃત્તિ મન, વચન અને કાયાથી વ્યષ્ટિ અને સમષ્ટિનું ધારણ કરે તે જ ખરો ધર્મ છે.

૩૧. મનુષ્યમાત્રમાં સ્વભાવથી જ સુખની ઇચ્છા હોય છે છતાં જેઓને આત્મજ્ઞાનની તીવ્ર ઇચ્છા હોય તેમણે સુખ તરફ હંમેશા અનાસક્ત થવું અને એ જ ખરેખરો ઉન્નતિનો માર્ગ છે.

૩૨. કર્તવ્યપાલનથી મુશ્કેલીઓથી ડરીને જેઓ ત્યાગ ( સંયમ ) સ્વીકારે છે તેઓ ખરેખર કાયર ( બાયલાઓ જ ) છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૩. કર્તવ્યપાલન (માર્ગમાં) જો સુખ આવે તો તેનો ઉપયોગ ખુશીથી કરવો, પરંતુ સુખ મેળવવા ખાતર કર્તવ્યનો ત્યાગ કરવો તે ખરેખર અધોગતિની જ નિશાની છે.

૩૪. આપણા હૃદયને જે જે આઘાતો–ધક્કાઓ લાગે છે તે કાંઇક આવરણ ખસેડીને આપણને અંતરના ઊંડા ભાગમાં દોરી જાય છે.

૩૫. પૂર્વનું આરાધકપણું, સતપુરુષોનો પરિચય અગર તો દુઃખનો રંગ આ ત્રણ મુખ્ય હેતુઓ માણુસ જાતને સ્થૂળતામાંથી સૂક્ષ્મતામાં ખેંચી જાય છે.

૩૬. આપણા સુખાનુભવનું જે કાંઇ નિમિત્ત હોય છે તે જ પુણ્ય હોવા યોગ્ય છે.

૩૭. પુણ્યોદયનું ખરૂં ધોરણ બીજાઓની માન્યતા ઉપર આધાર રાખતું નથી પણ ભોક્તાની માન્યતા ઉપર ખરો આધાર રાખે છે.

૩૮. જે નિમિત્તથી હૃદયને સુખની લાગણી અનુભવાય તે કદાચ બીજાની નજરે ગમે તેવું જણાય છતાં પુન્ય કાર્ય જ છે, એથી ઉલટું જે નિમિત્તથી હૃદયને દુઃખ અનુભવાય તે અન્યની નજરે ગમે તેટલું સારું હોય છતાં અનુભવ કરનારને તો પાપ જેવું જ લાગે છે.

૩૯. જે જે વ્યક્તિઓ આ સંસારમાં સ્વાર્પણની ભાવના સિદ્ધ કરી શકે છે તેને સંન્યાસ, ત્યાગ કે જંગલની અપેક્ષા રહેતી નથી.

૪૦. આજે જે કાંઇ મોળું કે ફીકકું બન્યું છે, ત્હેને કાળક્રમે ખારું બનતાં કે સડી જતાં વાર લાગતી નથી.

૪૧. હૃદયને થતા આઘાતોનો ઉપયોગ કરી ઘાને તાજો રાખવો અને તે દર્દના જોરથી આત્મોન્નતિમાં (ત્યાગમાં) આગળ ને આગળ વધવું. આવા ધક્કાઓનો હેતુ માત્ર દુઃખ જ ભોગવવાનો નથી; પરંતુ તેથી સંસારનું સાચું અને સત્ય સ્વરૂપ જાણી શકાય છે.

૪૨. પામર મનુષ્યોને ગમે તેવા સખત ફટકાઓની કશી જ અસર થતી નથી પરંતુ ડાહ્યા અને વિવેકી પુરૂષો સ્હેજ નિમિત્ત મળવાથી અલૌકિક ફલ સિદ્ધ કરી શકે છે–તેના હૃદયચક્ષુઓ ઉઘડી જાય છે.

૪૩. જે માણુસ વર્તમાનમાંથી કાંઇ સાર મેળવી શકયો નથી તેનાથી ભાવિમાં કાંઇ બનવાનું નથી. ભાવીમાં કરીશ અગર તો પ્રસંગ આવ્યે કરીશ એવા પ્રકારનો વાયદો જ માણસને અધોગતિમાં લઇ જાય છે અથવા સ્વોન્નતિમાંથી અટકાવે છે.

૪૪. ઇશ્વરી રાજ્યમાં પગ મૂકતાં પહેલા ત્યાં પગ સ્થિર રહી શકે તેવી તૈયારી મર્ત્ય રાજ્યમાંથી કરી લેવાની જરૂર છે. પ્રથમ સારી લાયકાત કેળવો.

—(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## "પરનિંદા સમું કોઈ પાપ નથી એમ સમજી તે મહાપાપ-સ્થાનકથી ઓસરવું.

**એથી રાગ-દ્વેષની પરિણતિ ઘટશે અને સુખ-શાન્તિ વધશે.**

૧. ગમે તેવા ગુણને ધારણ કરતો છતો, પારકા દોષ કહેવામાં રસિક અને પોતાના ગુણનો ગર્વ કરનાર લઘુતા અને અપજશ પામે છે, એમ સમજી પાછો ઓસર.

૨. અન્ય કોઇ કર્મવશાત્ અકાર્ય આચરતો હોય તેની તારે ચિન્તા કરવાનું શું પ્રયોજન છે? તું તો અદ્યાપિ પર્યન્ત ભવદુઃખને વશ પડેલા પોતાના આત્માની જ ચિન્તા કર. જન્મમરણનાં દુઃખથકી આત્મા શી રીતે છૂટે તેનો વિચાર કર, વિચાર કર અને આ મહાપાપસ્થાનકથી પાછો ઓસર.

૩. પારકા દોષને કહેતો તું નથી તો પામતો દ્રવ્ય કે નથી પામતો યશ. ઊલટો તેમ કરવાથી પોતાના સ્વજન સંબંધીને પણ તું શત્રુ બનાવે છે, અને મહાઘોર દુઃખદાયી કર્મ બાંધે છે, માટે પરદોષ કથવાથી પાછો નિવર્ત, પાછો નિવર્ત.

૪. શાસ્ત્રમાં નિર્ગુણી જીવ ઉપર મધ્યસ્થ ભાવના રાખવી કહી છે, અને પરદોષ ગ્રહણ કરવાનું તો અન્ય દર્શનીઓએ પણ નિષેધ્યું છે, તો પછી પરમ પવિત્ર સર્વજ્ઞ વીતરાગપ્રણીત દર્શનનું તો કહેવું જ શું? તેનો વિચાર કરી તે મહાદોષથી પાછો ઓસર.

૫. પારકા દોષને અને ગુણને સ્વયંસાક્ષાત્ ગ્રહણ કરતાં લોક પોતાના આત્માને જ અનુક્રમે દોષવાન્ અને ગુણવાન બનાવે છે, એમ સમજી સદ્‌ગુણી બનવા ઇચ્છતા જનોએ પરના સદ્‌ગુણો જ ગ્રહણ કરવા અને દોષની ઉપેક્ષા જ કરવી ઉચિત છે.

૬. જેનામાં અનેક સદ્‌ગુણો હોય એવા તો જગતમાં બહુ વિરલા જ જણાય છે, પરંતુ એક જ્ઞાનાદિક પુષ્ટ ગુણવાળા લોકો પણ સર્વત્ર જણાતા નથી. તેવા એકાદ પુષ્ટ ગુણવાળા કોઇ સ્થળે જ લાભે છે. ગુણ રહિત છતાં જેનામાં રાગ-દ્વેષાદિક પ્રબળ દોષો નથી તેમનું પણ કલ્યાણ સંભવે છે, તેમજ જેનામાં અતિ અલ્પ દોષો છે તેમની પણ અમે પ્રશંસા કરીએ છીએ. મતલબ કે તેઓ પણ ઉન્નતિના માર્ગ ઉપર હોવાથી અનુક્રમે આત્મ-ઉન્નતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરશે જ, તેથી તે સર્વે અનુમોદન કરવા યોગ્ય જણાય છે.

૭. પ્રદ્વેષ-ઇર્ષ્યા-અદેખાઇ વગર પારકા દોષ કહેવાતા નથી, અને તે પ્રદ્વેષાદિક ભવવૃદ્ધિનું કારણ છે એમ સમજી પર-નિંદા-અપવાદ પરિહરવા યોગ્ય જ છે.

અત્ર વિષયે **ક્ષપક-કુંતલ દેવી** અને **સૂરિનાં** ઉદાહરણો કહેલાં છે તે નીચે મુજબ:—

( ૧ )

કુસુમપુરમાં અગ્નિશિખ નામનો ક્ષપક-સાધુ ચાતુર્માસ માટે કોઇ એક ગૃહસ્થના નીચલા ભાગમાં રહ્યો હતો. એવામાં ત્યાં અરૂણ નામનો અન્ય સાધુ આવીને ઉપલા ભાગમાં રહ્યો. તે સંયમ આચરણમાં શિથિલ હતો, અને ક્ષપક સાધુ અનેક આકરાં તપ કરતો હતો, પણ સ્વોત્કર્ષવડે શિથિલ આચારી સાધુની નિંદા કરતો હતો તેથી તેણે ઘણા ભવ વધાર્યા; અને શિથિલ સાધુ તો ક્ષપક સાધુની તપકરણ વિગેરે જોઇને પ્રમુદિત થઇ તેની સ્તુતિ-પ્રશંસા કર્યા કરતો હતો તેથી તેને ભવભ્રમણ ઓછું થયું, એમ સમજી સુજ્ઞ જનોએ ગુણાનુરાગી જ થવું ઉચિત છે.

( ૨ )

કોઇ એક નગરમાં જિતશત્રુ રાજાની અનેક રાણીઓ જિનપ્રાસાદ કરાવી તેમાં મહોત્સવને દેખી રાજાની પટ્ટરાણી કુંતલદેવી, દ્વેષ વહેતી મરીને કુતરી થઇ, પ્રાસાદ દ્વારે રહે છે. કોઇ એક જ્ઞાની-મહાત્માએ તેના પૂર્વભવનું સ્વરૂપ કહેવાથી જાતિસ્મરણજ્ઞાન પામી તે અનશન આદરી સ્વર્ગે ગઇ. એવી રીતે દ્વેષનાં માઠાં ફળ જાણી સુજ્ઞજનોએ ઉક્ત દ્વેષ-દોષ અવશ્ય પરિહરવો, જેથી સત્ય શાન્તિપૂર્વક જીવ સ્વઉત્પત્તિ કરી શકે.

( ૩ )

કોઇ એક ગચ્છમાં આચાર્ય સર્વ આગમના જાણ છતાં દૈવયોગે સંયમમાં શિથિલ થઇ ગયા, અને તેમનો એક શિષ્ય સર્વ શાસ્ત્રમાં પારગામી થઇ, ક્રિયા-કાંડમાં બહુ ઉજમાળ રહેતો, તેથી શ્રાવકો તથા શિષ્યો તે શિષ્યની પાસે ગુણના બહુમાનપૂર્વક ધર્મ શ્રવણ કરવા લાગ્યા. તેથી આચાર્ય મનમાં પ્રદ્વેષ વહેવા લાગ્યા; તોપણ તે ગુણવાન શિષ્ય આચાર્યની ઉચિત સેવા સદા સાચવતો. એમ કરતાં આચાર્ય કલુષિત પરિણામથી કાળ કરી, ઉદ્યાનમાં વિષધર ( સર્પ ) થયો, અને શિષ્ય સાધુ આચાર્ય થયા. સ્થંડિલ ભૂમિ જતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુઓને મૂકી, નવા થયેલા આચાર્ય પ્રત્યે પ્રદ્વેષથી પેલો વિષધર દોડવા લાગ્યો. એવામાં કોઈ કેવળી ભગવાન ત્યાં પધાર્યા. તેમને તેનું યથાર્થ સ્વરૂપ પૂછતાં તેમણે તેનું યથાર્થ સ્વરૂપ કહેવાથી શિષ્યો બહુ જ વૈરાગ્ય પામ્યા. પછી તે સર્પને પ્રતિબોધવા માટે તેના પૂર્વભવનું સ્વરૂપ જ ઉપાયરૂપ જાણી તે સર્પને સંભળાવવાથી તે સર્પ જાતિસ્મરણજ્ઞાન પામી, અનશન આદરી દેવગતિ પામ્યો. પ્રદ્વેષ કરવાનાં કડવા વિપાક સમજીને સુજ્ઞજનોએ કોઇના ઉપર પ્રદ્વેષ ન જ કરવો, પરંતુ ગુણાનુરાગી બની આત્મઉન્નતિ સાધવી.

**"ધર્મ સ્થિરતા–ગુણમાં કરવો જોઇ તો દૃઢ પ્રયત્ન."**

૧ ધર્મના પ્રભાવે જે સુખસંપત્તિ પામ્યા છતાં જે કાંઇ ધર્મની જ અવગણના–હેલના કરે છે તે સ્વઉપગારી ધર્મનો દ્રોહ કરનારો પોતાનું ભવિષ્ય શી રીતે સુધારી શકશે ?

૨ એમ સમજી સાધુ ધર્મ કે ગૃહસ્થ ધર્મનું યથાવિધિ સેવન કરવા દૃઢ પ્રયત્ન કરવો ઘટે, કેમકે આ મનુષ્ય–ભવાદિક સામગ્રી ફરી ફરી મળવી, શાસ્ત્રમાં દુર્લભ કહી છે.

૩ કોઇ રીતે પૂર્વ પુન્યયોગે આવી સામગ્રી પામ્યા છતાં જે પ્રમાદથી ધર્મનું સેવન કરતો નથી તેમને પાછળથી અવસાન વખતે બહુ બહુ ઝુરવું પડે છે અને બહુ બહુ દુઃખી થવું પડે છે.

૪ જેમ કાદવમાં ખૂંચેલો હાથી, ગલગ્રહિત મચ્છ, જાળમાં ફસાયેલો મૃગલો, અને પાશમાં પડેલું પંખી જેમ ઝુરે છે તેમ મરણ કાળે સુકૃત કમાણી વગરના જીવને ઝુરવું પડે છે.

૫ લક્ષ્મી, યૌવન અને આયુષ્ય વિગેરે અસ્થિર હોવાથી ધર્મ સેવનમાં જે પ્રમાદ કરે છે તે કાપુરૂષ છે, સતપુરૂષ નથી. જે માણસ ધર્મસાધન કરવામાં વાયદા કરે છે અને આ દેખાતી ક્ષણિક વસ્તુઓમાં આસક્ત બની જાય છે, તે જ તેમની દુર્ભવ્યતા બતાવે છે. ભવભીરુ સજ્જનો તે ભવનું સ્વરૂપ વિચારી ધર્મસેવનમાં શીઘ્ર સજ્જ થઇ જાય છે–લગારે પ્રમાદ કરતા નથી.

૬ જો તું સુખ–સૌભાગ્યાદિકને ઇચ્છતો હોય તો, હે આત્મન્ ! તું ધર્મસાધનમાં સદાય આદર કર. ધર્મકાર્ય કરવામાં લગારે પ્રમાદ–ઉપેક્ષા કરીશ નહીં

૭ જો ધર્મ સાધન કર્યા વગર જ મનવાંછિત સુખ મળતાં હોય તો સકળ ત્રિભુવનમાં ક્યાંય કોઇપણ દુઃખી–દુઃખભાગી ન હોત, એ વિચારી જોતાં સ્પષ્ટ જણાય–સમજાય તેવું છે.

૮ મનુષ્યપણું સહુમાં સાધારણ છતાં કેટલાંક સુખી તો કેટલાંક દુઃખી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

## આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજ પંજાબ તરફ.

અલવરથી અનુક્રમે વિહાર કરતા પૂજ્યપાદ્ આચાર્ય મહારાજ શ્રીમદ્વિજયવલ્લભ સૂરિશ્વરજી જેઠ સુદિ ૩ તા. ૧-૬-૩૮ ના દિલ્હી શહેરમાં પધાર્યા. દિલ્હીના શ્રી સંઘે સામૈયા વિગેરેથી આચાર્યશ્રીનો સત્કાર ઘણો જ સારો કર્યો હતો. સામૈયામાં મુનિશ્રી દર્શનવિજયજી મહારાજ આદિની ત્રિપુટી સાથે જ હતી. આચાર્યમહારાજ સપરિવાર અને ત્રિપુટીનો પરસ્પર ઘણો સારો સંબંધ જોવામાં આવ્યો, બધાય સાથે એક જ ઉપાશ્રય (શ્રી આત્મવલ્લભ પ્રેમભવન)માં રહ્યા, આહાર પાણી પ્રતિક્રમણાદિ ક્રિયા સાથે જ કરતા હતા.

પંજાબ અંબાલાથી શ્રી સંઘનો ડેપ્યુટેશને આચાર્ય મહારાજની સાથે પંજાબ અંબાલા પધારવાની આગ્રહભરી વિનંતી શ્રી દર્શનવિજયજી આદિ ત્રણે મુનિરાજોને કરી અને આચાર્ય મહારાજે પણ સાથે આવવા આગ્રહ કર્યો, પણ મેરઠ-મુજફ્ફરનગર આદિ યૂ. પી. પરગણામાં વિશેષ લાભનું કારણ જાણી એઓએ હાલ તુરતમાં તો પંજાબ આવવાની ઇચ્છા નથી જણાવી સંતોષકારક જવાબ આપ્યો છે. તા. ૫-૬-૩૮ ના રોજ સ્વર્ગવાસી ગુરૂદેવ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરિશ્વરજી (આત્મારામજી) મહારાજની જયંતિ, આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં ઉજવી. અનેક વક્તાઓના ભાષણો થયા. તા. ૬-૬-૩૮ આચાર્યશ્રીજી દિલ્હીથી વિહાર કરી અંબાલા-પંજાબ તરફ પધાર્યા છે. તા. ૨૦-૬-૩૮ જેઠ વદિ સાતમે અંબાલા પધારવા વકી છે.

અંબાલા શ્રી સંઘમાં અને આખાય પંજાબમાં ઘેર ઘેર ઉત્સાહ ને ઉમંગ વ્યાપિ રહ્યો છે. અંબાલામાં સત્કાર માટે ધમધોકાર તૈયારીઓ થઇ રહી છે.

(મળેલું.)

---

દેખાય છે. તે ઉપરથી વિવેકપૂર્વક વિચાર કરી જોઇશ તો જણાશે કે તે પ્રત્યક્ષ પુન્ય અને પાપ(ધર્મ અને અધર્મ)નું જ પરિણામ છે. છતાં સ્વચ્છંદ અને આપડહાપણ કેમ તજતો નથી ?

૯ તેથી જો તું અચિન્ત્ય એવાં ઉત્તમ ફળની ઇચ્છા કરતો હોય તો ધર્મ વિષે દૃઢ આદર કર. ધર્મને જ અપૂર્વ ચિન્તામણિ કામધેનુ, કામઘટ અને કલ્પવૃક્ષરૂપ સમજી તેમાં દૃઢ આદર કર. ઇતિશમ્.

સ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આ સભાનો ૪૨ મો વાર્ષિક મહોત્સવ અને ગુરૂજયંતિ.

૨ અત્રેની શ્રી જૈન આત્માનંદ સભાનો ૪૨ મો વાર્ષિક મહોત્સવ જેઠ શુદિ ૭ ને શનિવારના રોજ સવારના નવ કલાકે સભાના મકાનમાં પ્રભુ પધરાવી પૂજા ભણાવવામાં આવી હતી. બપોરના બાર વાગે વોરા હઠીચંદ ઝવેરચંદ તરફથી સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું, તેમજ શ્રી વિજયાનંદસૂરિશ્વર મહારાજની જયંતિ પ્રસંગે જેઠ શુદિ ૮ ને રવિવારના રોજ સભાના સભાસદોએ પાલીતાણે રાધનપુરનિવાસી શેઠ મોતીલાલ મૂળજીભાઇ હા. શેઠ સકરચંદભાઇ તરફથી સવારના શ્રી સિદ્ધાચળજી ઉપર પૂજા ભણાવી શ્રી આદેશ્વર ભગવાન, શ્રી પુંડરીકજી, શ્રી દાદાજીના પગલાં,વગેરેની આંગી રચાવી શ્રી પુરબાઇની ધર્મશાળામાં સભાસદોનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

## શ્રી આગમમંદિર.

૩ આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી મહારાજના ઉપદેશથી શત્રુંજયની તળાટીમાં તૈયાર કરવામાં આવનાર શ્રી વર્ધમાન જૈન આગમમંદિર અને તેની અંદરના ભાગના જિનાલયનું ખાત મુહૂર્ત વૈશાક વદિ સાતમ શનિવારે સવારના શેઠ પન્નાલાલ ઉમાભાઇના હસ્તે કરવામાં આવ્યું હતું. આ આગમ મંદિરની જરૂરીઆત સંબંધે ગમે તે એપક્ષી અભિપ્રાય હોય છતાં શ્રી શત્રુંજયની તળાટીમાં તેમજ શહેરમાં હોવાથી અને શ્રી શત્રુંજય તીર્થની વહીવટી પેઢી પણ ત્યાં હોવાથી લાંબા વખત સુધી તેનું સંરક્ષણ થશે એમ માનવું અસ્થાને નથી. આગમમંદિર કે જિનાલય જો કળાની દષ્ટિએ કરવામાં આવશે તો આ મંદિર શ્રી શત્રુંજયના અંકમાં હોવાથી સૌંદર્યતામાં વૃદ્ધિ થશે એમ અમે માનીયે છીએ.

૪

## જ્ઞાનમંદિર.

આચાર્ય શ્રી વિજયમોહનસૂરિજી મહારાજના ઉપદેશથી પન્નાલાલ બાબુની ધર્મશાળાની બાજુમાં તૈયાર કરવામાં આવનાર જૈન આગમ સાહિત્ય મંદિરનું ખાત મુહૂર્ત પ્રભાસ પાટણવાળા શેઠ સુંદરજી હરખચંદના હસ્તે તા. ૨૧-૫-૩૮ના કરવામાં આવેલ છે. જો કે શત્રુંજય તીર્થ જ્યાં છે ત્યાં જ્ઞાનમંદિર અને જૈન મ્યુઝીયમ ( જૈન સંગ્રહ સ્થાન )ની આવશ્યકતા છે, એમ અમો ઘણા વખતથી સ્વીકારીએ છીએ. અમોએ તે માટે અગાઉ એક વખત આત્માનંદ પ્રકાશદ્વારા શેઠ શ્રી આણંદજી કલ્યાણજીના વહીવટદાર મહાશયોને સૂચના પણ કરેલી હતી અને બંને વસ્તુ તેમના તરફથી થવાની જરૂર હતી, છતાં આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી આ કાર્ય શરૂ થયું તે પણ પ્રશંસાપાત્ર અને જરૂરીઆતવાળું થયું છે. આચાર્ય મહારાજ અને તેમના શિષ્ય શ્રી વિજયપ્રતાપસૂરિ મહારાજ વગેરે મુનિરાજશ્રીને નમ્ર સૂચના કરીએ છીએ કે તાડપત્ર અને કાગળ ઉપર હસ્તલિખિત જૂનામાં જૂની પ્રતો, અને આધુનિક છપાતાં જૈન ધર્મનાં ઉપયોગી ગ્રંથો, પ્રાચીન જૈન હસ્તલિખિત પત્રો, ચિત્રો, લેખો વગેરેનો સંગ્રહ, તેમજ પડદર્શનના ગ્રંથો વગેરે આ જ્ઞાનમંદિરમાં દાખલ કરે અને ભાવિ કાળમાં આ તીર્થમાં તે પણ ઉપયોગી બને એમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**"મથુરાનો સિંહધ્વજ"** લેખક: ઇતિહાસતત્ત્વમહોદધિ શ્રી વિજયેન્દ્રસૂરિજી મહારાજ. આ ગ્રંથ બૌદ્ધ દર્શનને સંબંધ રાખનારો છે છતાં લેખક આચાર્ય મહારાજનો આ ગ્રંથ વાંચતાં બૌદ્ધ ધર્મના સાહિત્ય સંબંધી તેઓશ્રીનો અભ્યાસ પણ ઊંડો છે. આ મથુરાનો સિંહધ્વજ પ્રાચીન ભારતવર્ષના ૧ લા ભાગના લેખક જ્યારે જૈનનો ઠરાવે છે ત્યારે આચાર્ય મહારાજ તટસ્થવૃત્તિએ તેના બૌદ્ધ અને અન્ય ગ્રંથો સાહિત્ય વગેરેના પ્રમાણો આપી વાસ્તવિક જેનો છે તેનો (બૌદ્ધ સંપ્રદાયનો ઠરાવે છે) તેમ અનેક પ્રમાણોથી નિર્ણય કરી આપે છે. પોતાના ધર્મ, દર્શન મત-માટે દુરાગ્રહને ન રાખતાં જેનો જે વસ્તુ હોય કે સાબીત થાય તેનીજ આચાર્ય મહારાજ આ ગ્રંથમાં જણાવે છે જેથી લેખક આચાર્યમહારાજ સત્ય વસ્તુ નિષ્પક્ષપાતપણે રજૂ કરે છે, જેથી તેઓશ્રીના મુનિપણા માટે પણ આપણને વિશેષ માન ઉત્પન્ન થાય છે. મહારાજશ્રીનો આ પ્રયત્ન પ્રશંસાપાત્ર છે.

**મહાક્ષત્રપ રાજા રૂદ્રદામા**—આ ગ્રંથના લેખક પણ આચાર્ય શ્રી વિજયેન્દ્રસૂરિ મહારાજ છે. આ ગ્રંથમાં જૈન ઇતિહાસ અને જૈનોના પૂર્વાચાર્ય કાલકાચાર્ય સંબંધી નવો પ્રકાશ પાડે છે જે અત્યાર સુધી કોઇ વિદ્વાન મહાશયે નિર્ણયાત્મક રીતે બતાવેલ નથી. શક રાજાઓનો, કાલકાચાર્ય અને જૈનધર્મ સાથેનો નિકટનો સંબંધ, ઐતિહાસિક હકીકતો અને ઘટનાઓ આચાર્ય મહારાજે પ્રશંસનીય પ્રયત્નવડે અને યથાર્થ સંશોધન અને સચોટ આધારોવડે આ ગ્રંથ માટે જે રજૂ કરી છે તે અપૂર્વ છે. પ્રાચીન ભારતવર્ષનો ઇતિહાસ બીજા ભાગમાં આ સંબંધમાં તેના લેખકે જે હકીકત રજૂ કરી છે. તે માટે આ ગ્રંથમાં આચાર્ય મહારાજે તે સંબંધીના પુરાવા-પ્રમાણો અનેક ગ્રંથોના આપી આ મહાક્ષત્રપ રાજા રૂદ્રદામા ગ્રંથમાં ઇતિહાસને સત્ય ઠરાવ્યો છે. આ બંને ગ્રંથો મનનપૂર્વક વાંચવાની ભલામણ કરીયે છીએ. પ્રકટકર્તા શ્રી યશોવિજયજી ગ્રંથમાળા–ભાવનગર. કિંમત રૂા. એક રૂપીયો, બે રૂપીયા અનુક્રમે

**સુવાસ**—(માસિક) સંચાલક—શ્રી શશિકાન્ત ત્રિભુવનદાસ શાહ, વડોદરાથી પ્રસિદ્ધ થયેલનો પ્રથમ અંક અમોને મળેલ છે. જુદા જુદા વિદ્વાનોના લેખોથી પ્રકટ થયેલો આ અંક છે. તેનું સલાહકાર મંડળ પણ વિદ્વાનોનું છે એટલે હવે પછી પણ લેખસમૃદ્ધિ સારી આવશે એમ માનવું અસ્થાને નથી. એક વ્યાપારીના હાથે પ્રકટ થએલું આ માસિક ભવિષ્યમાં તેના નામ પ્રમાણે સુવાસ પ્રસારે અને વિવિધ વિષયોથી વાંચકોની વૃદ્ધિ કરે તેમ તેની ભાવિ ઉન્નતિ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જીવનચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોકપ્રમાણ મૂળ પાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરલ અને સુંદર ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુક્ત, સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રકટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણકો, સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો જૈન સમાજ અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે. તેથી આ પ્રભુનાં જીવનચરિત્રનું મનનપૂર્વક વાંચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

**લખોઃ શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

# શ્રીમંત જૈન બંધુઓને વિનંતિ

શ્રી સમેતશીખરજી તીર્થનો પવિત્ર પહાડ અજૈનોના કબજામાં જતાં અટકાવવા માટે શેઠ આણંદજી કલ્યાણજી તરફથી સને ૧૯૧૮માં તે પહાડ આશરે ચાર લાખ રૂપીયાના ખરચે ખરીદવામાં આવ્યો હતો. આ થએલ ખરચને યથાશક્તિ પહોંચી વળવા શેઠ આણંદજી કલ્યાણજીએ " શ્રી પારસનાથ પહાડ ખરીદ ખાતુ " ખોલેલ છે. અને તે ખાતે કલકત્તાવાળા સ્વ. બાબુ શ્રી ફુલચંદજી મુકીમના પુત્ર બાબુશ્રી મોતીચંદજી નખત તરફથી રૂા. ૧૫૦૦૦ ની લોન તથા તે ઉપરનું વ્યાજ મળી કુલ રૂા. ૩૦૯૨૪-૭-૦ આ ખાતે સહાય આવેલ છે.

સર્વ સ્વધર્મી બંધુઓને અમારી આગ્રહભરી વિનંતિ છે કે તેઓ પણ આ ફંડમાં યથાશક્તિ ફાળો આપવાનું ચૂકશે નહિ.

લી.

શેઠ આણંદજી કલ્યાણજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી બૃહત્કલ્પસૂત્ર ત્રીજો ભાગ.

( પ્રથમ ઉદ્દેશ )

( શ્રી ભદ્રબાહુ સ્વામીપ્રણીત સ્વોપજ્ઞનિર્યુક્તિ સહિત અને
શ્રી સંઘદાસગણિ ક્ષમાશ્રમણ સંકલિત ભાષ્ય સહિત )

અતિમાન્ય આ છેદસૂત્રનો આ ત્રીજો ભાગ પ્રાચીન ભંડારો અને લિખિત તાડપત્રીય પ્રતો સાથે રાખી અનુપમ પ્રયત્ન સેવી સાક્ષરવર્યો મુનિરાજ **શ્રી ચતુરવિજયજી મહારાજ** તથા **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે** સંશોધન કરી તૈયાર કરેલ છે, કે જેમાં કલ્પાધ્યયન ટીકામાં પ્રથમ ઉદ્દેશની પરિસમાપ્તિ કરવામાં આવેલ છે. અમારા પ્રાચીન સાહિત્ય ( સંસ્કૃત-પ્રાકૃત )ના પ્રકાશનોમાં પ્રસ્તાવના, નિવેદનો ગુજરાતી ભાષામાં પ્રકટ કરવામાં આવે છે કે જેથી તે તે ગ્રંથોના અજાણ ભાઈઓ વગેરે આમાં શું વિષય છે, સંશોધનકાર્યમાં કેવો પરિશ્રમ સેવી સંપાદક મહાપુરૂષો સાહિત્યસેવા અને જૈન સમાજ ઉપર કેવો ઉપકાર કરી રહેલ છે તે માલૂમ પડે.

આ ગ્રંથમાં આવેલ વિષયો માટે ટીકાકાર મહારાજે તેના સ્થાનદર્શક જે આગમો આવેલ છે તે પ્રમાણોના સ્થાનદર્શક ગ્રંથો અને પ્રકાશકોની નામસૂચિ, વિષયાનુક્રમ, પાઠાંતરો, ટિપ્પણીઓ વગેરે આપી વાંચક, અભ્યાસીવર્ગને માટે સરલ બનાવેલ છે. જ્ઞાનભંડારોના સુંદર શણગારરૂપ થવા સુંદર શાસ્ત્રીલીપીથી ઊંચા, ટકાઉ કાગળો ઉપર શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી સુશોભિત કપડાના બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૫-૮-૦ સાડા પાંચ રૂપીઆ. પોસ્ટેજ જુદું.

### પરમાત્માના ચરિત્રો.

( ગુજરાતી ભાષામાં ) તૈયાર છે.

૧ શ્રી નેમનાથ ચરિત્ર ૨-૦-૦ ૨ શ્રી વિમળનાથ ચરિત્ર ૧-૧૨-૦
૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, બે ભાગમાં ૪-૮-૦ ૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ૧-૧૨-૦
૫ શ્રી મહાવીર ચરિત્ર ( આવતા માસમાં પ્રકટ થશે ) રૂા. ૩-૦-૦
૬ શ્રી તીર્થંકર ચરિત્ર ( ચોવીશ જિનેશ્વરના સંક્ષિપ્ત રસપૂર્વક ચરિત્ર ) જૈન પાઠશાળા કન્યાશાળામાં પઠનપાઠન માટે ખાસ ઉપયોગી. રૂા. ૦-૧૦-૦

### છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) २ श्री मलयगिरि व्याकरण.
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ पांचमो छठ्ठो कर्मग्रन्थ.
५ श्री बृहत्कल्प भाग ४

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only